## સેવાઓનું કાર્યક્ષેત્ર

**મેડિકલ ઓન્કોલૉજી એન્ડ હેમેટોલૉજી**

- કિમોથેરાપી
- ઇમ્યુનોથેરાપી
- બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- પીડિયાટ્રિક ઓન્કોલૉજી
- જીરીયાટ્રિક ઓન્કોલૉજી
- ઓન્કો ક્રિટિકલ કેર

**સર્જીકલ ઓન્કોલૉજી**

- હેડ એન્ડ નેક
- બ્રેસ્ટ
- જીઆઈ, લંગ અને થોરાસિક
- સર્વાઈકલ એન્ડ ગાયનેકોલૉજી
- પ્રોસ્ટેટ એન્ડ જેનિટો-યુરિનરી
- કોલોરેક્ટલ
- પેરિટોનિયલ
- બ્રેઇન, સ્પાઇન એન્ડ બોન
- લીવર એન્ડ પેન્ક્રીયાસ

**પ્લાસ્ટિક એન્ડ રીકન્સ્ટ્રક્ટીવ સર્જરી**

**રેડિયેશન ઓન્કોલૉજી**

- રેડિયેશન થેરાપી

**ન્યુક્લિયર મેડિસિન**

- પેટ સીટી
- સ્પેક્ટ
- હાઇ-ડોઝ રેડિયોન્યુક્લાઇડ થેરાપી

**પેઈન એન્ડ પેલીએટિવ કેર**

## રેડિયેશન ઓન્કોલૉજી

ડૉ. સંદીપ જૈન

## ન્યુક્લિયર મેડિસિન

ડૉ. સની ગાંધી

## પેઈન મેનેજમેન્ટ

ડૉ. મિલન મહેતા

## કાર્ડિયોલૉજી

ડૉ. કેતન વેકરીયા

## મેડિકલ ઓન્કોલૉજી એન્ડ હિમેટોલૉજી

**મેડિકલ ઓન્કોલૉજી એન્ડ હેમેટોલૉજી**

ડૉ. પંકજ શાહ
ડૉ. મનોહર ચારી
ડૉ. મિથુન શાહ
ડૉ. નહુષ ટહિલિયાણી

**બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હિમેટોલૉજી**

ડૉ. નિધિ જૈન
ડૉ. આકાંક્ષા ગર્ગ

**ઓન્કો-ક્રિટિકલ કેર**

ડૉ. બિકાસ મિશ્રા

## સર્જીકલ ઓન્કોલૉજી

**હેડ એન્ડ નેક કેન્સર**

ડૉ. મહેશ એચ. પટેલ
ડૉ. સિદ્ધાર્થ શાહ
ડૉ. દિપેન પટેલ
ડૉ. સુપ્રીત ભટ્ટ

**ગાયનેકોલૉજીકલ કેન્સર**

ડૉ. આવા દેસાઇ
ડૉ. મોના શાહ

**જી.આઈ. લંગ અને થોરાસિક કેન્સર**

ડૉ. મહેશ ડી. પટેલ

**બ્રેસ્ટ કેન્સર**

ડૉ. પ્રિયંકા ચિરીપાલ
ડૉ. નીલમ આહીરવાર

**યુરોલૉજીકલ કેન્સર**

ડૉ. મુકેશ પટેલ
ડૉ. રાજ પટેલ

**ન્યુરો કેન્સર**

ડૉ. દીપક પટેલ
ડૉ. કલ્પેશ શાહ

**સ્પાઈન કેન્સર**

ડૉ. હિતેષ મોદી

**ઓર્થોપેડિક કેન્સર**

ડૉ. જયમીન શાહ

**પ્લાસ્ટિક અને રીકન્સ્ટ્રક્ટીવ સર્જરી**

ડૉ. રઘુવીર સોલંકી
ડૉ. જતીન ભોજાણી

## અમારી મેડિકલ ઓન્કોલોજી એન્ડ હિમેટોલોજી ટીમ



**ડો. પંકજ શાહ**
MD



**ડો. મનોહર ચારી**
MD, DM, ECMO



**ડો. મિથુન શાહ**
MD, DM



**ડો. નહુષ ટહિલિયાણી**
MD, DM

## હિમેટો ઓન્કોલોજી એન્ડ બીએમટી નિષ્ણાત



**ડો. નિધિ જૈન**
MD, DM



**ડો. આકાંક્ષા ગર્ગ**
MD, PDCC, DM



**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક: +91 79 66190201 / 372**

zydus Hospitals Cancer Centre

**ઝાયડસ કેન્સર સેન્ટર**
ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ. જી. હાઇવે,
થલતેજ, અમદાવાદ-380 054, ગુજરાત
Board Line: 079-71 666 000
www.zyduscancercentre.com
/ZydusHospitals

zydus Hospitals Cancer Centre

# મેડિકલ ઓન્કોલોજી અને હિમેટોલોજી વિભાગ



## મેડિકલ ઓન્કોલોજી શું છે?

કેન્સરની સારસંભાળમાં મેડિકલ ઓન્કોલોજી સારવારની એક પદ્ધતિ છે અને તે કેન્સરની અસરકારક સારવાર માટે કિમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી, હોર્મોનલ થેરાપી તથા ઈમ્યુનોથેરાપીનો ઉપયોગ કરે છે. મેડિકલ ઓન્કોલોજી શ્રેષ્ઠ ક્લિનિકલ પરિણામો મેળવવા માટે સામાન્ય રીતે સર્જિકલ ઓન્કોલોજી તથા રેડિએશન ઓન્કોલોજીના સહયોગમાં કામ કરે છે.

કેન્સરની સારવારમાં નિષ્ણાત હોય તેવા ડૉક્ટર ઓન્કોલોજિસ્ટ તરીકે ઓળખાય છે. તેઓ દર્દીની સારવાર માટે એ રીતે કામ કરે છે કે જેથી દર્દીને માટે સાનુકુળ હોય તેવી સારવારની યોજના ઘડી શકાય.

ઝાયડસ કેન્સર સેન્ટરના મેડિકલ ઓન્કોલોજી તથા હિમેટોલીજી વિભાગમાં, અમે વ્યક્તિગત સારવાર યોજના તથા સંભાળ ઓફર કરીએ છીએ. કેન્સરના નિદાનથી લઈને કાઉન્સેલિંગ તથા ટોટલ ડીસીઝ મેનેજમેન્ટ (રોગની સારવારનું સંપૂર્ણ વ્યવસ્થાપન) માં, અમે એ વાતની તકેદારી લઈએ છીએ કે, સારવાર દર્દી પ્રત્યે વધુ લક્ષિત અને તેના માટે ઉપયુક્ત હોય, જેથી કરીને તે કેન્સરનો સામનો કરવામાં વધુ ફાયદાકારક હોય તેમજ રોગના નાશમાં એ વધુ અસરકારક અને કાર્યક્ષમ હોય.

## કિમોથેરાપી

કિમોથેરાપી એ ડ્રગ થેરાપીનું એક સ્વરૂપ છે, જેનો આશય શરીરમાં ઝડપથી વૃદ્ધિ પામી રહેલા કેન્સર સેલ્સનો નાશ કરવાનો છે. શરીરમાં બીજા કોઈપણ સેલ્સ (કોષો) કરતાં કેન્સર સેલ્સની વૃદ્ધિ અને વિભાજન ઝડપથી થતું હોવાના કારણે, સામાન્ય રીતે તેના ઈલાજ માટે કિમોથેરાપીનો ઉપયોગ કરાય છે. અમે જુની રીતે તેમજ નવા પ્રોટોકોલ્સ, બન્નેનો ઉપયોગ કરીને કિમોથેરાપી આપીએ છીએ, જેની તુલના સંભાળના આંતરરાષ્ટ્રીય ધોરણે કરી શકાય છે.


કિમોથેરાપીનો ઉપયોગ અવારનવાર, મોટા ભાગના કિસ્સાઓમાં સર્જરી, રેડિએશન અથવા તો હોર્મોન જેવી અન્ય થેરાપીની સાથે સંયોજનમાં થાય છે. તેનો આધાર આ બાબતો ઉપર રહે છે:

- તમારા કેન્સરનો પ્રકાર અને સ્ટેજ
- તમારી એકંદર તંદુરસ્તી
- તમે અગાઉ કોઈ કેન્સરની સારવાર લીધી હોય તો એ
- કેન્સરના કોષો તમારા શરીરમાં ક્યાં છે
- તમારી પોતાની સારવારની પદ્ધતિની પસંદગી

એ બાબતની નોંધ લેવી પણ અગત્યનું છે કે, કિમોથેરાપી એક સિસ્ટેમેટિક સારવાર છે અને તે સમગ્ર શરીર ઉપર અસર કરે છે.

## ટાર્ગેટેડ થેરાપી

ટાર્ગેટેડ થેરાપી કેન્સરની એક પ્રકારની એવી સારવાર પદ્ધતિ છે, જેમાં દવાઓનો (ડ્રગ્સ) ઉપયોગ થાય છે, પણ તે કેન્સરની જ સારવારમાં દવાઓનો ઉપયોગ કરતી પરંપરાગત કિમોથેરાપીથી એક રીતે અલગ પડે છે. ટાર્ગેટેડ થેરાપી એ રીતે કામ કરે છે કે તેમાં કેન્સરના ચોક્કસ જનીનો, પ્રોટિન્સ અથવા ટીસ્યુના એ પ્રમાણેના નિશાન બનાવાય છે, જે કેન્સરની વૃદ્ધિ અને તેના ટકી રહેવામાં ફાળો આપતા હોય છે. આ જનીનો અને પ્રોટિન્સ કેન્સર સેલ્સમાં હોય છે અથવા તો કેન્સરની વૃદ્ધિ સાથે સંકળાયેલા સેલ્સમાં, જેમ કે બ્લડ વેસલ સેલ્સમાં હોય છે.




ડૉક્ટર્સ વધુમાં વધુ સારા પરિણામો માટે મહદ્ અંશે ટાર્ગેટેડ થેરાપીની સાથે સાથે કિમોથેરાપી તેમજ અન્ય સારવાર પદ્ધતિઓનો પણ સંયોજિત રીતે ઉપયોગ કરતા હોય છે.

## ઈમ્યુનોથેરાપી

ઈમ્યુનોથેરાપી, જે બાયોલોજિક થેરાપી તરીકે પણ ઓળખાય છે, તે એક એવા પ્રકારની કેન્સરની સારવાર છે કે જેમાં કેન્સરનો મુકાબલો કરવા માટે શરીરની કુદરતી રક્ષણ શક્તિને મજબૂત બનાવાય છે. તેમાં શરીર દ્વારા જ અથવા તો લેબોરેટરીમાં ઉત્પન્ન કરવામાં આવતા પદાર્થોનો ઉપયોગ રોગપ્રતિકારક શક્તિને ફરી કાર્યરત બનાવવા માટે કરાય છે. ઈમ્યુનોથેરાપી શરીરની રોગપ્રતિકારક શક્તિને કેન્સરના સેલ્સનો નાશ કરવામાં વધુ સારી રીતે કાર્યરત કરવામાં મદદરૂપ થઈને કામ કરે છે.

**ઈમ્યુનોથેરાપીના અનેક પ્રકારો છે, જેમાં આ મુજબનો સમાવેશ થાય છે:**

- કેન્સરની વેક્સિન (રસી)
- પીડીએલ - ૧ ઈન્હિબિટર્સ
- પીડી આઈ ઈન્હિબિટર્સ
- સીટીએલએઓ - ૪ ઈન્હિબિટર્સ




## હોર્મોન થેરાપી

હોર્મોન થેરાપી કેન્સરની એ પ્રકારની સારવાર છે કે જેમાં કેન્સર પોતાની વૃદ્ધિ માટે હોર્મોન્સનો ઉપયોગ કરતા હોય તે પ્રકારના કેન્સરની વૃદ્ધિની ઝડપ ધીમી પાડી દે છે અથવા તો વૃદ્ધિ અટકાવી દે છે. હોર્મોન થેરાપી હોર્મોનલ થેરાપી, હોર્મોન ટ્રીટમેન્ટ અથવા તો એન્ડોક્રાઈન થેરાપી તરીકે પણ ઓળખાય છે.

## પ્રિસિશન ઓન્કોલોજી

એનજીએસ તથા મ્યુટેશન પ્રોફાઈલ્સ જેવા આધુનિકતમ ડાયેગ્નોસ્ટિક ટેસ્ટ્સની મદદથી, દરેક દર્દી માટે સારવારની વ્યક્તિગત યોજના તૈયાર કરાય છે.

## હિમેટોલીજી શું છે?

હિમેટોલીજી લોહી, લોહી બનાવતા અંગો તથા લોહીના રોગોનો અભ્યાસ અથવા તો વિજ્ઞાન છે.

**હિમેટોલોજિકલ તકલીફોની સમગ્ર શ્રેણી માટે ઓફર કરાતી સારવાર:**

- બિનાઈન હિમેટોલોજિકલ સમસ્યાઓ: એનિમિઆ, બ્લિડિંગ ડિસોર્ડર્સ, પ્લેટલેટ ડિસોર્ડર્સ તથા હિમોગ્લોબિનોપથીઝ
- હિમેટોલોજિકલ મેલિગ્નન્સીઝ: લ્યુકેમીઆ, લિમ્ફોમાઝ, મલ્ટીપલ માયલોમા, માયેલો પ્રોલિફરેટિવ તથા લિમ્ફ પ્રોલિફરેટિવ ડિસોર્ડર્સ અને બોન મેરો સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન
- લ્યુકેમીઆ ઈન્ડક્શન /કોન્સોલિડેશન કિમોથેરાપી પુખ્ત વયના /બાળ દર્દીઓમાં
- માયલોમા, લીમ્ફોમા, માયેલ પ્રોલિફરેટીવ, લીમ્ફો પ્રોલિફરેટીવ ડિસોર્ડર્સ તથા કેટલાક પ્રકારના લ્યુકેમીઆમાં આઉટ પેશન્ટના ધોરણે કિમોથેરાપી
- આધુનિકતમ બોન મેરો તથા સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન સુવિધાઓ ઓફર કરીએ છીએ
- ઓટોલોગસ તથા વિવિધ પ્રકારના એલોજેનિક સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન (થોડાનો ઉલ્લેખ કરીએ તો સીન્જેનિક, સગા, સગા ના હોય તેવા, કોર્ડ અને હેપ્લોઆઈડેન્ટીકલ)

**અત્યંત અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

- તમામ પ્રકારના કેન્સરનું નિદાન તથા મેડિકલ ટ્રીટમેન્ટ
- તમામ પ્રકારના કેન્સર માટે કિમોથેરાપી અને ટાર્ગેટેડ થેરાપી (ડે કેર અને ઈન્ડોર સુવિધા)
- સ્ક્રીનિંગ તથા કેન્સરના નિવારણ માટે માર્ગદર્શન
- આનુવાંશિક કેન્સર માટે જેનેટિક કન્સલ્ટેશન
- પેલીએટિવ કેર તથા કેન્સર પેઈન મેનેજમેન્ટ
- તમામ પ્રકારના કેન્સર માટે સપોર્ટિવ કેર
- બ્લડ ડિસોર્ડર્સનું નિદાન અને સારવાર
- બ્લડ કેન્સર તથા લોહીના અન્ય ડિસોર્ડર્સ

**પ્રોસિજર્સ:**

(એ) બોન મેરો એસ્પિરેશન ટ્રેફાઈન બાયોપ્સી

(બી) ઈન્ટ્રાથેકાલ કિમોથેરાપી

કિમોથેરાપી પોર્ટ, હિકમેન કેથેટર, પીઆઈસીસી તથા ઈન્ફ્યુઝન પંપના માધ્યમથી, જેનો ધ્યેય કિમોથેરાપીના કારણે થનારી સંભવિત એક્સ્ટ્રાવાઝેશન ઈજા નિવારવાનો તેમજ દર્દી બહેતર રીતે સારવાર સહન કરી શકે તે રીતે અસરકારક પદ્ધતિથી કિમોથેરાપીની ડિલિવરી કરવાનો છે.